નમસ્કાર ગાંધીનગર

પમરાટ

અમે લઈને બેઠા હતા ફક્ત સારપ,
વિકી, એના લીધે જ ધંધો થયો ઠપ.

જીવનને કદી સુખનું ફિટિંગ ન આવ્યું,
વ્યથા પહેરી તો બેસી ગઈ છે ચપોચપ.

અહીં તારા તરસ્યા સ્મરણ જ્યારે આવે,
અવાજ આવે છે ત્યારે નસમાંથી છપછપ.

નથી આંખ વિના અહીં ક્યાંય પાણી,
અને જાળવી રાખવાની છે લીલપ.

- વિકી ત્રિવેદી

પાથેય

- રમેશ ઠક્કર

સારપનો સહવાસ

"તમને માણસની સારપમાં આટલી અટલ શ્રધ્ધા કેમ છે ?" એક પરિચિત મિત્રએ મને સહસા પુછયું..બીજા એક મિત્ર મારી ચિંતા કરતાં વારંવાર કુતુહલ પ્રગટ કરતાં પૂછે છે "તમે આટલા બધા સરળ રહો છો તો લોકો તમને છેતરી નથી જતા?" આપ્તજનોનું આમ પૂછવું સાચું પણ હશે પરંતું મારી પોતાની કેટલીક પ્રામાણિક પ્રતિતીઓ છે જે મને જીવાડે છે..

હમણાં જ બનેલ એકાદ બે પ્રસંગો પૂરતા થશે મારી વાતને પુરસ્કૃત કરવા..આમાં કોઇ અતિશયોક્તિ નથી..બે દિવસનો પ્રવાસ હતો એક પ્રાઇવેટ કાર ભાડે મંગાવી હતી..અજાણ્યો ડ્રાયવર..નામ એનું મુસ્તુફા..ઓછું બોલે સંતોષી..ખાવાપીવાની કોઇ લાલચ નહી..ચા જેવી વસ્તુ પણ એને જરૂર પડતી નહી..એક શહેરમાં મારૂં કામ બપોરે વહેલું પતી ગયું..ત્યાંથી અંબાજી દોઢેક કલાકનો રસ્તો..ચાર વાગ્યે મંદિર બંધ થઇ જાય..જો ઝડપથી પહોંચીએ તો દર્શન થઇ જાય..લગભગ અશક્ય લાગતું હતું..મેં ઇચ્છા વ્યક્ત કરી અને મુસ્તુફાએ આત્મવિશ્વાસથી ગાડી સ્ટાર્ટ કરી દીધી..

"પહોંચી જઇશું સાહેબ ચિંતા ના કરો.." એની આંખોમાં નિર્મળ ભાવો હતા...લગભગ અશક્ય લાગતું હતું પણ અમે સમયસર પહોંચી ગયા..દર્શન મેં કર્યા ખુશી એના ચહેરા ઉપર હતી..એણે ખુદાને પ્રાર્થના કરી હશે..એ મારી રાહ જોતો ઉભો હતો...મેં આભારવશ એની સામે જોયું..સહજ પુછયું "તમને કંટાળો તો નથી આવ્યો ને..?"

"ના રે સાહેબ મારે તો સરસ કામ થઇ ગયું !" એણે કહ્યું અને મને આશ્ચર્ય થયું.."કેવું કામ.?" એવું પુછતાં એણે બજારમાંથી ખરીદેલી સરસ મજાની હનુમાનજીની મૂર્તિ બતાવી..!અને પછી મારા વિસ્મયને જલદી પુરૂ કર્યું "મારાં એક નિયમિત કસ્ટમર બહેન છે ભાર્ગવીમેડમ..એ હનુમાનજીનાં પરમ ભક્ત છે. એમના માટે લીધી છે.. એ બહુ ખુશ થશે.." એના ચહેરા ઉપર આનંદ હતો..

મેં વળતો પ્રશ્ન કર્યો..

"પણ એ મેડમે મૂર્તિ મંગાવી હતી ?"

"ના એમને સરપ્રાઇઝ આપીશ... આપણે તો અનાયાસ જ અહીં આવ્યા ને..એમનાં બા બહુ બિમાર રહે છે..એ હનુમાનજીને સતત પ્રાર્થના કરતાં હોય છે..અલ્લાહ એમને ખુશહાલ રાખે.." એક મહેનતકશ માણસની જીવનસમજણ મને સ્પર્શી ગઇ..

બીજો એક પ્રસંગ... મારા એક મુસ્લિમ મિત્ર મારી ઓફિસમાં મને મળવા આવે છે..વાતોમાં ખૂબ સમય વીતી જાય છે. અચાનક એમને યાદ આવે છે કે નમાજ પઢવાનો સમય થઇ ગયો છે..બાજુમાં આવેલી રૂમ બતાવી એ ત્યાં જવા ઇચ્છા રાખે છે... મારી ઓફિસનો પટાવાળો જે હિંદુ છે એણે ઇશારામાં આખી વાત સમજી લીધી અને ઝડપથી એ મિત્ર આરામથી ઇબાદત કરી શકે એ માટે એણે શેતરંજી સહિત બધી સગવડ સ્વયંભૂ રીતે કરી આપી... એક નાના કર્મચારીની આ સમજણ મારી શ્રધ્ધાને નવો આયામ આપી ગઇ.

રખડતાં પશુઓનો ત્રાસ : એક પેચીદો પ્રશ્ન

તંત્રીસ્થાનેથી...

જન્માષ્ટમીના પાવન પર્વ સાથે ફક્ત કૃષ્ણ જ નથી સંકળાયેલા. એ દેવકી-વસુદેવના લાડકવાયાએ તો જન્મતાંની સાથે મથુરાની કંસમામાવાળી જેલ ત્યજી ગોકુળના નંદબાવા અને જશોદામૈયાના ઘરમાં પધરામણી કરી હતી. નંદબાવા ગોવાળ હતા. એ કંઈ રાજવંશી નહોતા. કૃષ્ણને ગાયો ચરાવવી પડી; ગોપીઓ પાસે દાણ માગતા માગતાં દૂધની મટુકીઓ પર કાંકરીચાળા કરતા કૃષ્ણને ગાયો બહુ વહાલી હતી. એટલે સ્તો હજારો વર્ષો પછી રાધાકૃષ્ણની સાથે જ આપણને એમના ચિત્રમાં કરુણાર્દ્ર આંખો વાળી ગાય જોવા મળતી રહી છે. ગાયને આપણે માતા માની છે. એમાં કોઈ ભાવનાત્મક અતિરેક પણ નથી. માતામાં હોવા જોઈએ એ તમામ ગુણો ગાયમાં દૃષ્ટિગોચર થાય છે. કોઈ કમનસીબ શિશુને જન્મ આપીને માતા પ્રસૂતિમાં જ ગુજરી જાય તો ગાયનુ દૂધ એના માટે અમૃત સંજીવની પુરવાર થતું હોય છે. ગાયના દૂધ વિશે આધુનિક વિજ્ઞાન પણ ઊંચો અભિપ્રાય દાખવવા લાગ્યું છે. મહર્ષિ દયાનંદ સરસ્વતીએ ગાયના અર્થશાસ્ત્ર પર ઊંડું ચિંતન કરી એને ભારતના અર્થકારણનું કેન્દ્ર ગણાવી હતી. મહારાણી વિકટોરિયાને રૂબરૂ મળીને આ વાત સમજાવવાની તક એમને નહોતી પ્રાપ્ત થતી એનો રંજ રહ્યો. ગાય અને વાછરડું પ્રતીક રાખીન ઈંદિરા ગાંધીએ જૂના કોંગ્રેસીઓનાં સૂપડાં સાફ કરી નાખ્યાં હતા. ગાય પ્રત્યે મતદાતાનું સ્વાભાવિક સ્મર્પણ એ ઘટનામાં દૃષ્ટિગોચર થતું હતું. ભારતીય જનતા પાર્ટીએ તો એની વિચારધારામાં જ ગાયને કેન્દ્ર સ્થાને મૂકી દીધી. ગૌસંરક્ષણ અને સંવર્ધનના કાર્યક્રમો થતા રહ્યા. ગૌહત્યા બંધીના પ્રસ્તાવો પસાર થતા રહ્યા. શંકાસ્પદ લોકો સામે હિંસક હુમલા થયા - 'મોબ લીન્ચીંગ' જેવી ક્રૂર ઘટનાઓ બનતી રહી. ગાય ભારતીય જનતા પાર્ટીને સાચા અર્થમાં ફળી છે. પરંતુ એથી રખડતી ગાયોનો પ્રશ્ન વકરતો રહ્યો ખુદ પ્રદેશ પ્રમુખ પાટીલે રખડતાં ઢોરોનો પ્રશ્ન ઉઠાવ્યો ત્યારે ભરવાડ - રબારી સહિત પશુપાલકો અને વિપક્ષો એનો વિરોધ કરવા મેદાનમાં ઊતરી પડ્યા હતા. પરંતુ કડવી હકીકત એ છે કે રખડતા સાંઢ અને ગાયોએ શિંગડે ચડાવીને ઘણા નિર્દોષ લોકોનો ભોગ લીધો છે. ગાય માતા ખરી પણ એ જયારે ભુરાંટી થઈને માણસ જેવા માણસને મોતને ઘાટ ઉતારી દે ત્યારે જરૂર એને હિંસક પશુની જેમ કંટ્રોલ કરવી જ રહી. ગાયની સખત તરફદારી કરતા રહેલા પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલને તિરંગા યાત્રા દરમિયાન ભટકેલી ગાયે ભેટું માર્યું અને એમને એક મહિનાનો ખાટલો આવ્યો. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના કાફલામાં આખલો ઘૂસી ગયો. અકસ્માત થતાં થતાં રહી ગયો. ઢોર આખરે ઢોર છે. એને સાચવી શકીએ તો એ આખું ઘર ચલાવી આપે. ડેરી ઉદ્યોગને કારણે ઉત્તર ગુજરાતનો ખેડૂત - પશુપાલક ઊજળે લૂગડે થયો છે તે હકીકત નકારી શકાય એમ નથી. પરંતુ એ જ પશુ છૂટાં મૂકી દેવાતાં બાળકોથી લઈ વૃદ્ધો માટે જીવનું જોખમ સરજી શકે. એટલે કડક પશુનિયંત્રણ કાનૂન અને એનો અમલ જરૂરી છે. ગાય માતા ગાંધીનગર જેવા હરિયાણા નગરના રાજમાર્ગો પર પણ અગાઉ બિંદાસ ફરતી રહેતી અને પોદડા પાડયા કરતી. તંત્રની સાવધાનીથી હમણાં એ ગંદવાડ ઓછો થયો છે. જે ગાયને આપણે માતા ગણીને પૂજીએ છીએ, જેનામાં તેત્રીસ કરોડ દેવતાઓનો વાસ માનીએ છીએ. રખડતાં પશુઓથી માનવી જ નહીં ખુદ રખડનાર પશુ પણ જોખમમાં મુકાતા રહે છે.

રાખી અપેક્ષા તુજથી, પડી તડ આપણાં મીઠા સંબંધમાં થયો પસ્તાવો મુજ દિલમાં, બની ગયો હું દુઃખી દુઃખી

શ્રેણિક દલાલ

કોઈ ને કોઈ ઈચ્છા તો દરેક માનવીને થતી જ રહેતી હોય છે પરંતુ ઈચ્છાનું વધુ પડતી અપેક્ષામાં રૂપાંતર થાય ત્યારે તે પોતે પોતાનો ફાયદો મળેવવા પ્રયાસ કરતો રહે છે. જ્યારે સામેવાળી વ્યક્તિથી તે અપેક્ષા સંજોગાવશ પૂરી ન થઈ શકે ત્યારે પોતે દુઃખી થઈ જાય છે અને ઉપેક્ષા થતાં પૂર્વગૃહ બંધાતા વાર લાગતી નથી.

ઈચ્છા મુજબ જો સામેવાળી વ્યક્તિ વર્તે નહિ તો તે વ્યક્તિ માટે પૂર્વગ્રંથી બંધાઈ જાય છે. વધું પડતી મનીષા માનવીને થોડો લાલચું, લોભી અને આળસુ પણ બનાવી દે છે..

અપેક્ષા તો દરેક માનવીનાં સ્વભાવમાં રહેલી હોય છે પરંતુ વધારે પડતી અપેક્ષા રાખવાથી માનવી દુઃખની ખીણમાં ધકેલાઈ જાય છે. અપેક્ષા પૂરી ન થતાં માનવીની લાગણીને ઠેસ લાગતાં સંબંધ બગાડવામાં કાંઈ જ બાકી રહેતું નથી અને માનવીએ જેની પાસેથી વધું પડતી અપેક્ષા રાખી હોય તેને માટે નકારાત્મક વિચારો આવે છે. 'તેણે આમ કેમ કર્યું? તેણે આમ કેમ ન કર્યું? તેણે આમ કરવું જોઇતુ હતું'.

માનવીએ કોઇના પર ઉપકાર કરી અપેક્ષા રાખવી ન જોઇએ. રાખેલી અપેક્ષાનો બદલો ઉપેક્ષાથી થાય છે ત્યારે લાગણીશીલ માનવીની લાગણી ઘવાય છે અને રડમસ થઈ જાય છે.

કહે શ્રેણુ આજ....

રાખી અપેક્ષા તુજથી, પડી તડ આપણાં મીઠા સંબંધમાં
થયો પસ્તાવો મુજ દિલમાં, બની ગયો હું દુઃખી દુઃખી
અપેક્ષા પૂરી ન થતાં માનવી ઘણી વખત હતાશ પણ થઈ જાય છે. અપેક્ષા મર્યાદિત હોય તો વાંધો નથી આવતો પરંતુ જ્યારે તેનો અતિરેક થઈ જાય છે ત્યારે માનવી પોતાનાં પગ પર જ કુહાડી મારે છે અને નાસીપાસ થઈ જાય છે. હાલના જમાનામાં લોકો બીજા પાસેથી વધારે પડતી આશા રાખતાં થઈ ગયા છે. અલબત્ત ઘણાં પરિવારમાં પણ સભ્યો એકબીજા પાસેથી અપેક્ષા રાખે છે અને તે અપેક્ષામાં ભરતી આવવાથી મન દુઃખ થતાં વાર લાગતી નથી અને ધીરે ધીરે સંબંધો વણસતા જાય છે.

કહે શ્રેણુ આજ...

અગર રાખી વધુ પડતી અપેક્ષા કોઇ પાસેથી, થઇ જાશો તમે હતાશ ને નાસીપાસ...

સંબંધોમાં ધીરે ધીરે તરાડ પડતાં ન લાગે વાર, જો રૂંપાતર થયું કદી ઉપેક્ષામાં

હાનીકારક થાઈ જાશે તુજ શારીરિકતામાં ને માનસિકતામાં આવતાં ઉશ્કેરાટ તુજને

જો સુખી થવું હોય તો.... ન રાખો વધુ પડતી અપેક્ષા કદી કોઇ પાસેથી...

રમતગમતમાં સારા ખેલાડીઓ સારી રમત કરી ન શકતાં લોકો તેનો હુરિયો બોલાવે છે. પરદેશ ગયેલી ક્રિકેટ ટીમ ખરાબ રીતે હારીને સ્વદેશ પાછી ફરે ત્યારે લોકો તેઓને ખાસડાં પહેરાવવા તૈયાર ઈ જાય છે કારણકે લોકોએ એ રમતવીરો પાસેથી સારી એવી રમતની અપેક્ષા રાખી હતી.

મનને હળવું રાખવાનો શ્રેષ્ઠ વિકલ્પ છે, વધુ પડતી અપેક્ષા ન રાખો. ઓછામાં ઓછી અપેક્ષા રાખવાથી માનવી સદા સુખી રહી શકે છે.

અધિકારીનું લઘુપ્રવચન...

હમજ્યા મારા ભૈ !

ભાગ્યેશ જહા

....અને ફાઈનલી એ પ્રવેશ્યા. ચંદ્રભદ્રની ગાંધીનગરની યાત્રાનો એક મુખ્યપડાવ આવી પહોંચ્યો. એમના દિલમાં ઉમંગ હતો કે ચિંતા કે ભય એ નક્કી કરવું મુશ્કેલ છે. જો કે સરકારી કચેરીઓને શનિદેવતાનો શાપ હોવાથી આ બધા ભાવ ગમે ત્યારે અરજદારના મનમાં પ્રગટ થતા હોય છે. આગળ નિરંજન મહેતા છે, એ જ સરકારી લાગે પણ કેદીનું ના લાગે તેવું ચોંકડીવાળું શર્ટ, સહેજ ઓછા ફીટીંગવાળું પેન્ટ, પ્રસંગે જ પોલીસ થતા સાદા બુટ અને શાકભાજી ના વેચાયી હોય ત્યારે શાકભાજીની લારીવાળા ભાઈનો નિરાશા અને આશામિશ્રિત ચહેરા જેવો ચહેરો. પછી ચન્દ્રંભદ્ર છે એમના મુખમંડલ પર આજ અલગ આભા છે, જિજ્ઞાસા છલકાયા કરે છે, એ કોઇને હડફેટે ના લેવાની કાળજી લેતી ગાયની ગતિથી પ્રવેશી રહ્યા હતા. નિરંજનનો પડોશી ફાયરબ્રિગેડના જવાન જેવા વાદળી સફારી પહેરીને આવ્યો હતો. એ સાવ સરકારી દિવાલ જેવો બહેરો બોબડો લાગતો હતો.

એક મોટા ટેબલ પર સવાસો જેટલી ફાઇલો પડી હતી, પાછળ છેલ્લા કેટલાયે દાયકાથી ના વંચાયેલા જાડા જાડા કાયદાના પુસ્તકો હતા. આ પુસ્તકોના હોવાથી વીએમસરના ચશ્મા હતા એના કરતાં વધું જાડા દેખાતા હતા. ટેબલ આગળ ત્રણ લાઈન ખુરશીઓની હતી. એવું કહેવાય છે કે ગાંધીનગરની કુળદેવી ખુરશી છે એટલે અનેક પ્રકારની ખુરશીઓ અહીં જોવા મળે છે. પહેલી લાઈનમાં એ ખુરશી ગાદીવાળી હતી. વળી એક ટેબલની બિલકુલ બાજુમાં એક ખુરશી હતી એ પણ સીસમના લાકડાની અને ગાદીવાળી હતી. આવી ખુરશીમાં વીએમસરના સૌથી નજીકના અધિકારી અથવા કોઈ અગત્યના રાજકારણી બેસી શકતા. જો કે આ અંગે કોઈ જીઆર નહોતો પણ અહીંના સ્માર્ટ પટાવાળા આ જ્ઞાન આવનારા મુલાકાતીઓ ઉપર છાંટતા. પહેલી લાઈનમાં બાકીની ખુરશીઓ પ્રમાણમાં સારી હતી. પાછળની લાઈનમાં ધોરણસરની પણ થોડી જુની ખુરશીઓ હતી, એ ઝાંખી અને નિસ્તેજ હતી જેથી અરજદારોને એમના મુડ વિશે વિસ્તારથી વાત ના કરવી પડે. ત્રીજી લાઇનમાં રેલ્વેના જુના થર્ડક્લાસને રજુ કરતી હોય એવી પ્લાસ્ટિકની ખુરશીઓ હતી. વળી બારીને અડીને એક હાર લાકડાની ખુરશીઓની હતી, એ ખુરશીઓ પર ત્રણ વકીલો એમના ઠસ્સા સાથે બેઠા હતા. રૂમનું વાતાવરણ સાવ ફિક્કું હતું. વીએમસરની રીવૉલ્વીંગ ચેંર એકમાત્ર જીવંતતાનું પ્રતીક હતી. વીએમસર પોતે સાવ રોબોટ જેવા નહીં અને સાવ ઓર્ગેનિક માણસ જેવા નહીં એવા - વચ્ચેની કક્ષાએ આવતા ભાવોને પહેંરીને બેઠા છે. એમના ચશ્મા લક્ષ્મણને કાર્ટુન દોરવામાં પ્રેરણારુપ થાય એવા છે અને આંખો ખુબ ઉંડી અને ખુંપેલી હોય એવી જણાય છે. એ રીઢું રીઢું બોલે છે, અને ખાલી ખાલી અડધું મોં ખોલીને હસે છે. અવાજમાં સત્તાનો કેફ નથી પણ એમનો અવાજ સહેજ પાતળો અને થોડો કરિયાણાની દુકાનવાળા જેવો ક્કરો સંભળાય છે. ચંદ્રંભદ્ર ધ્યાનસ્થ મુદ્રામાં પોતાની આજની મુલાકાતને આત્મસાત કરી રહ્યા છે. બે કર્મચારીઓ ઉભા છે, બન્નેના હાથમાં ફાઈલ છે. એક જે નીચે વળીને વીએમસરની નજીક ઉભો છે એ તો વિકેટકીપર જેવી ચપળ નજર ધરાવે છે, જ્યારે બીજો કોઇ વિવાદાસ્પદ નિર્ણય લેવડાવવા ફાઈલ લઈને ઉભો છે. પેલો કર્મચારી વળીને વીએમસરના કાનમાં કશું કહી કહીને ફાઈલ બતાવી રહ્યો છે. આવા લોકો ક્લાસિકલ રીતે ધીમું બોલી શકતા હોય છે. ચંદ્રંભદ્ર આંખ-નાક-કાનથી એક સરકારી કચેરીને પામી રહ્યા છે, માપી રહ્યા છે. ભારતના એક નાગરિક તરીકે ક્યારેક અવાવરું ના ગણી શકાય એવું એન્ટીસેપ્ટીક વિસ્મય અનુભવી રહ્યા છે. એમના મનમાં ચાલતા હનુમાનકવચના મંત્રો હવે શાંત પડ્યા છે, એ વીએમસરના વચનો સાંભળવા કર્ણાતુર છે. અહીં એકથી વધું અરજદારોને એકસાથે બોલાવવામાં આવે છે જેથી આગળનાની વાત પુરી થાય તે સાથે જ આવનારા બેત્રણ જણની આશાઓ અણિયાળી બને. ચશ્મા પહેરીને અને ચશ્મા વગર આ કચેરી કેવી લાગે છે તે જોવા ચંદ્રંભદ્ર પ્રયત્નશીલ છે, એક તબક્કે તો ચશ્મા સાફ કરવાથી બધું સ્પષ્ટ થઈ જશે એવી લાલચે ચશ્મા લુછે છે. આ બધાની વચ્ચે ચંદ્રંભદ્રની નજર વીએમના ચહેરા ઉપર અને એ ચહેરા ઉપર થાકેલી છતાં સત્તાવાહી લાગતી આંખો પર હતી. ક્યારે એ ચશ્માની બહાર નજર નાંખીને નિરંજનને બોલાવે. ચંદ્રંભદ્રના મનમાં ચાલતી આ ચિંતાએ વાતાવરણમાંના પવનોને સ્પંદન પહોંચાડ્યા અને સાહેબ રીઝ્યા...

"હં.... નિરંજન ! શું હતું... કેમ આવ્યો છે ?" તુંકારે બોલાવે એથી ઘનિષ્ઠતા છે એવું માની લેવું નહીં. પણ નિરંજન એની મેચ્યોરીટી સાથે સહેજ આગળ આવતો હોય એ રીતે બોલ્યો, "યસ, સર ! આજે હું મારી સાથે ભારતના એક ખુબ જ વિદ્વાન લેખક અને અવલોકનકાર ભારતભક્ત શ્રીમાન ચંદ્રંભદ્રને લાવ્યો છું, એમની ઈચ્છા આપણા પાટનગરનો પ્રવાસ અને પરિચય કેળવીને પુસ્તક લખવાનો છે. એ સૂક્ષ્મ અવલોકનો નોંધીને ગુજરાતી ભાષાને ધન્યતા આપનાર ગરવા ગુજરાતી છે." વીએમસર વચ્ચે જ નિરંજને અટકાવી દીધો, " સરકારી કચેરીઓમાં બહુ ભાવનાત્મક વાતો નહીં કહેવાની ! અમને બધી ખબર પડે જ છે, બીજું લેખકોનું મારે કશું કામ નથી... એમની કોઈ ફાઈલ હોય કે અન્ય કોઈ સમસ્યા હોય તો ટુંકમાં જણાવો તો હું જે તે અવ્વલકારકુન જોડે તમને મોકલી આપું" વીએમ આટલું બોલી, આવેલા ચંદ્રંભદ્ર વગેરે તરફ નજર નાંખીને તદ્દન વાસી સ્માઈલ આપ્યું. અપેક્ષા પ્રમાણે એમની આ કરડાકી નજર અને અલ્પપ્રાણસ્વાગતને કોઇ સમજ્યું નથી, એમ માનીને ચંદ્રંભદ્ર તરફ ફરીથી એક સરકારી નજર નાંખીને કહ્યું," અમને ખબર પડે છે કે શું અગત્યનું છે અને શું નથી. કોઇ બહારના વ્યક્તિ અમને સમજાવવા આવી પોતે બુધ્ધિજીવી છે એવું ઠસાવવા માંગતા હોય તો, સૉરી.. આપણી પાસે ક્યાં સમય છે." ચંદ્રંભદ્ર વીએમસરના લઘુપ્રવચનથી પાતાળલોકમાં ચાલી જવા માંગતા હતા. એ અધિકારી પોતે કેટલા બધા કામમાં છે અને કેટલો બધો સમયનો અભાવ છે એની વાત વીસ મિનિટ સુધી એકધારી રીતે શ્રોતાઓ/પ્રેક્ષકોની ચિંતા કર્યા વગર બોલી ગયા. ચંદ્રંભદ્ર એમની ચોટલી પર હાથ મુકી આ અનુભવને સમજવામાં મગજને મદદ કરી રહ્યા હતા.

મેં 'સમય' હું..!!!

રઝળપાટ

અજય ઉપાધ્યાય

ગુરુદત્તના કલાસીક ફિલ્મ ' કાગઝ કે ફૂલ ' નું ગીત યાદ છે ને..' વક્તને કીયા કયા હસી સિતમ.. હમ રહે ના હમ તુમ રહે ના તુમ '..!!! વક્ત અને સિતમ ???? જી હા, વક્ત સિતમ પણ કરે.. સમયના ઘાવ ઊંડા અને અઘરા હોય છે અને એને રુઝાતા પણ વાર લાગે. સમય બોલે તો ટાઈમ બોલે તો વક્ત એક એવી જણસ છે કે છે બધા પાસે સરખા ભાગે પણ શાહુકાર તો એ જ ગણાય જે આ જણસનો સદુપયોગ કરી શકે..!! જી હા, ' સમયનો સદુપયોગ ' લાગે છે ને કોઈ મોટીવેશનલ બુકના ટાઇટલ જેવુ પણ હકીકતમાં આ બે શબ્દ અમલમાં મૂકવા એટલા અઘરા છે ને કે ભલભલા થાપ પણ ખાઈ જાય અને કંટાળી પણ જાય..!!! ઘણા સવારથી ઊઠીને રાત્રે સુવે ત્યાં સુધી ઓલમોસ્ટ કઈ જ ના કરતાં હોય તોય એમને તો એમ જ લાગે કે આપણે તો ખાલી સમયમાં એય ને ઘણી મજા કરી..!!! એને તો એ ખાલી સમય પસાર કરવો પણ સમયનો સદુપયોગ જ લાગવાનો.. ' આજે તો બહુ નવરાશ હતી તો ટાઈમ પાસ કર્યો '.. આવું કહેનારાને એટલું જ કહેવાનું કે હે પામર મનુષ્ય તે ટાઈમપાસ નથી કર્યો પણ ટાઈમે તને બાયપાસ કર્યો છે..!!! કાઈક આવું જ મહાન શેક્સપિયરે કહેલું કે ''મેં સમય બરબાદ કર્યો, હવે સમય મને બરબાદ કરી રહ્યો છે ''.

ઓકે સમય બોલે તો વક્ત વિષે બહુ ગંભીર ચર્ચાઓ કરવાનો કોઈ ઈરાદો છે જ નહીં પણ સાથે સાથે એ પણ સમજવું અગત્યનું છે કે સમય એટલે શું ? અને એની કિમત એટલે શું ? હાથમાં ચોપડી ના પકડતા બાળકને બાપ્પા કહે ને કે ' તને સમયની કોઈ કિમત જ નથી ' તો એ બચાડો માથું ખંજવાળતો વિચારે કે આ કિમત એટલે શું ? સમજવા માટે આ સુભાષિત કાફી છે કે ' સમય ધન કરતાં પણ વધુ કીમતી છે, કેમકે ધન તો પછીથી કમાઈ પણ શકો પણ ગયેલો સમય પાછો ના આવે ' ' કાલ કરે સો આજ કર.. આજ કરે સો અબ ' ની જેમ સમયનો સદુપયોગ કરીને જે વિચાર્યું હોય એમાં વિલંબ કર્યા વગર શરૂઆત કરી દો એટલે સમયની કિમત સમજ્યા જેવુ જ થયું કહેવાય. પેલી બહુ જાણીતી સસલા કાચબાની રેસ જેવી વાત છે. ' હજુ બહુ ટાઈમ છે ' એમ વિચારીને જો આળસ કરી ગયા તો પછી ' ગઈ ભેંસ પાની મે ' અને કરી રહ્યા સમયનો સદુપયોગ..!!! અસલમાં આ કાચબાગીરી ની પાછળ જો કોઈ છુપો દુશ્મન હોય તો એ છે આળસ..!!! જી હા, આળસ એ સમયનો સૌથી મોટો શત્રુ છે એમ કહી શકાય અથવા એમ કહી શકાય કે આળસ જ સમયના સદુપયોગના રસ્તામાં આવતો સૌથી મોટો પથ્થર છે.

આપણાં ગુજરાતીમાં સરસ લાઈનો છે કે ''આજ ઉઠશું, કાલ ઉઠશું, લંબાવો નહીં દહાડા, વિચાર કરતા વિઘ્નો મોટા, આવે વચમાં આડા''..!!!! ઈતિહાસ ગવાહ છે કે આ આળસને કારણે કઈ કેટલાયે કાર્યો અધૂરા રહી ગયા હોય. અરે ઈતિહાસમાં જવાની કયા જરૂર છે મારા-તમારા જીવનમાં જ ડોકિયું કરો તો પણ ખબર પડશે કે ' પછી વાત.. પછી વાત ' માં કઈ કેટલાયે પ્રસંગો - ક્ષણો -ઘટનાઓ ચૂકી જવાઈ હશે જ. અંગ્રેજીમાં આના માટે એક સરસ વાક્ય છે કે **'Delay is dangerous'** છે ને વાત સાચી ? હિન્દી ફિલ્મોનો ફેવરિટ ડાયલોગ છે કે ' વક્ત કિસી કે લીયે ના રુકા હૈ.. ના રુકેગા ' વાત પણ સાચી છે. સમયનો કાંટો તો ચાલતો જ રહેવાનો અને મને ને તમને જે ૨૪ કલાક મળ્યા છે એ પસાર થઈ જ જવાના, એટલે અગત્યનું એ છે કે મળેલા સમયનો કેટલો અને કેવો ઉપયોગ કરી શકી છીએ. સદુપયોગ કે દુરુપયોગ એ આપણે જ નક્કી કરવાનું છે. મોબાઈલ, ટીવી અને હવે ઓટીટી ના આક્રમણ પછી એક ફરિયાદ કોમન છે કે ટાઈમ બહુ બગડે છે. ઘણાની એનાથી ઊલટી ફરિયાદ પણ છે કે ટાઈમ નથી મળતો..!!! હવે આ બન્ને કિસ્સામાં એક વાત પર ધ્યાન દેવું પડે કે ટાઈમ બગડે છે કયા ?

વક્ત રહેતા નહીં કહી ટીક કર, આદત ઈસ કી ભી આદમી સી હૈ '..!!! એક મસ્ત જોક્સ છે. પત્નીએ પતિને પૂછ્યું ' શું કરે છે ?' પતિ ઉવાચ ' કઈ નહીં '. પત્ની : ' એ તો તુ કાલે પણ કરતો હતો ' પતિઃ ' હા, તે હજુ પૂરું કયા થયું છે '..!!!! સમય બગાડવાવાળાનું પણ આવું જ છે. ખરેખર ઘણાને એ ચિંતા હોય કે ટાઈમ પાસ કયા કરવો ? અને ઘણાને એ ચિંતા હોય કે સમય ઓછો કેમ પડે છે ? અસલમાં આ બીજી ચિંતાવાળા જ જીવનમાં પ્રગતિ કરતાં હોય છે અને એનું કારણ છે એમણે સમયને આપેલું માન..!!! કહેવાય છે ને કે જે સમય ને માન આપે છે, સમય એનું માન કરે છે. અને વાત પણ સાવ સાચી જ છે. આગળ કહ્યું એમ બધાને ૨૪ કલાક મળ્યા છે પણ એ ચોવીસ કલાકનો કોણ કેટલો સારો કે ખરાબ ઉપયોગ કરી જાણે છે એના પર તો જીવન છે.. પ્રગતિ છે.. વિકાસ છે.. ઉન્નતિ છે..!!! પરીક્ષા ટાણે વિદ્યાર્થીઓને સમય ઓછો લાગે પણ એ તો આખું વરસ સમયસર વાંચ્યું ના હોય તો.. બાકી જેણે આખું વરસ સમય મુજબ અભ્યાસ કર્યો હોય એ લાસ્ટ મોમેન્ટે બિલકુલ ચિંતામાં ના હોય. આવું જ કઈક જિંદગીની રમતમાં પણ છે જ ને. પેલું કહે છે ને એમ ' મૌકે પે ચૌકા ' ફટકારનાર ક્યારેય સમય ઓછો છે કે ખરાબ છે એવા બહાના નથી કાઢતો અને એ જ તો છે સમયની કિમત. સંજોગ અને સ્થિતિ કોઈપણ હોય પણ જો તમે સમયને ઓળખી શકો તો અચૂક પ્રગતિ કરી શકો અને આ મહત્વની વાત ધંધામાં, નોકરીમાં, શિક્ષણમાં, સંબંધોમાં બધે જ ઈકવલી લાગુ પડે છે. જે સમયને કરકસરથી યોજનાપૂર્વક વાપરી જાણે છે તે જીવનમાં સંતોષ અને સફળતા મેળવી શકે છે.

આલ્બર્ટ આઈન્સ્ટાઈને સરસ કહેલું કે ''દરેક વસ્તુ બીજી વસ્તુની સાપેક્ષમાં ગતિ કરે છે.'' બસ આવું જ કઈક સમયનું પણ છે. **Time and tide wait for none.** સમય અને ભરતી કોઈની રાહ જોતી નથી, અને આ પેરફેકટલી સત્ય છે. સમય બરબાદ કરવા માટે નહીં પણ એનો કોઈ સારો ઉપયોગ કરવા માટે છે. મહાન માણસોની દિનચર્યા કે રોજનીશી જોઈ લેજો, આપણને એમ થશે કે ૨૪ કલાકમાં (અને એમ પણ ૭-૮ કલાક સુવાના બાદ કરો તો લગભગ ૧૬ કલાકમાં) કેટલું બધુ કામ કરી નાખતા હતા અને કદાચ એટલે જ એ મહાન હતા. કેમકે એમને મન સમયની કિમત હતી. એમણે ખબર હતી કે ગયેલી ઘડી પાછી નથી આવવાની. ' પછી કરીશ ' આવો કોઈ શબ્દ એમની ડિકશનરીમાં હતો જ નહીં. સમય કીમતી છે – હોય છે એ મને ને તમને બધાને ખબર છે પણ આપણે એને ત્યાં સુધી ગંભીરતાથી નથી લેતા કે જ્યાં સુધી કયા તો સમય ઓછો પાડવા લાગે છે અથવા તો જિંદગીં ચારે તરફ અંધારી લાગે છે પછી થાય છે શું કે ' સમય ખરાબ ચાલે છે ' જેવા બહાના કાઢીને આપણે સઘળો દોષ સમય પર નાખી દઈએ છીએ પણ સાચી વાત એ છે કે જ્યારે સમય હતો ત્યારે એની કદર કરવામાં કે એનો ઉપયોગ કરવામાં આપણે કાચા કે પછી ઓછા પડ્યા હોઈએ છીએ પણ આ માટે બહુ ખાસ કઈ કરવાનું નથી બસ એટલું જ કરો કે મળેલા સમયમાં શું થઈ શકે એમ છે એની યાદી તૈયાર કરો અને શક્ય હોય ત્યાં સુધી એને વળગી રહો. બની શકે કે આખી યાદી પર ટીક માર્ક ના પણ લાગે, તો શું થયું ? યાદીને આગલા દિવસ પર ખેચી લો અને શક્ય હોય ત્યાં સુધી એને સમાપ્ત કરવાની કોશિશ કરો. એકવાર જો આ ટેવ પડી જશે ને તો સમય ઓછો પડશે અને એક એક મિનિટની કિમત સમજાઈ જશે. હકીકત એ છે કે સમય એ એક તેજીલા ઘોડા જેવો છે જે સડસડાટ વહી જવાનો પણ એ એના પર સવારી એ જ કરી શકે જે સમયની લગામ પકડી રાખી શકે. સમયને અને સમય મુજબ જે ઢળી શકે અને સમય મુજબ જે જીવી શકે એ આ તોફાની તોખાર પર આસાનીથી અસવારી કરી શકે.

- akurjt@gmail.com